ક્રમાંક/ઈજર/વહટ/૧૩૪-૦૪/ ૯૨૩૦ - ૯૧૫૫

નોંધણીસર નિરીક્ષક કચેરી,
ગુજરાત રાજય, ગાંધીનગર
સ્ટેમ્પ અને નોંધણી ભવન,
સેકટર-૧૩/સી, "ખ" રોડ,
ગાંધીનગર તાઃ-૯/૫/૦૭

**<u>પરિપત્રઃ-</u>**

**રાજયમાં સ્થાવર મિલકતના** દસ્તાવેજોની સબ રજીસ્ટ્રાર કચેરીઓમાં નોંધણી કરવામાં આવે છે. **અનુભવે જણાયુ છે કે પક્ષકારોને** કાયદાકિય / **નિયમોની પુરતી** જાણકારીના અભાવે **અપુરતી સ્ટેમ્પ ડયુટીવાળા દસ્તાવેજો વર્ષો સુધી** કચેરીઓમાં **નોંધણી** વગર પડતર રહે છે.**મુલત્વી દસ્તાવેજ ની નોંધણી પુરી ન થવાથી દસ્તાવેજની** નકલ અને ઈન્ડેક્ષ-૨ **ની** નકલ આપવામાં **નથી આવતી તેનાં કારણે પક્ષકારને વિના કારણે ખોટી** ગેર સમજ ઉભી થાય છે.જેથી વહીવટમાં સભાનતા,સરળતા અને પારદર્શકતા લાવવાના શુભ હેતુથી તથાપક્ષકારોને તેમના દસ્તાવેજોની નોંધણી કરીને પરત આપવાના વહીવટમાં સરળીકરણના ભાગ તરીકે રજીસ્ટ્રેશન નિયમ ૪૫(૧) નો અમલ નીચે મુજબ કરવાનો રહેશે.

(૧) **ગુજરાત નોંધણી નિયમો ૧૯૭૦ના** નિયમ ૪૫ **માં નોંધણી અર્થે** રજુ થતો લેખ યોગ્ય **સ્ટેમ્પ** ડયુટી વાળો છે કે કેમ ? તે નોંધણી અમલદારે **ચકાસવાનું છે. ઉકત જોગવાઈના સંદર્ભમાં સ્ટેમ્પ અધિનિયમની કલમ**-૩૨ (ક) હેઠળના **નોંધણી અર્થે** રજુ થતા લેખો **સંબંધમાં મિલકતની** બજાર કિંમત મુજબની યોગ્ય ડયુટી ભરપાઈ કરેલ ન હોય તો **નોંધણી** અમલદારશ્રીઓ ઉકત નિયમ ૪૫ ની જોગવાઈ ધ્યાને લઈને નહિ સ્વીકારતાં અને ટોકન ઈસ્યુ નહિ કરતાં આવો લેખ નોંધણી અર્થે સ્વીકાર્યા સિવાય તેના ઉપર થતી બજાર કિંમત તથા તે અનુસાર ભરવાપાત્ર થતી યોગ્ય સ્ટેમ્પ ડયુટીની રકમ નકકી કરવા સારુ સબંધિત **નાયબ કલકેટરશ્રી સમક્ષ** રજુ કરવા પક્ષકારને જણાવવાનું રહેશે. તથા આની દરેક કચેરીમાં **નમુનામાં રજીસ્ટર** રાખવા , અને ક્રમ નંબર આપી તેની નોંધ રજીસ્ટરમાં રાખવી.અને **પાવતી આપવી નહિ તથા નોંધણી** ફી સ્વીકારવી નહિ.

(૨) **નાયબ કલકેટરશ્રી તરફથી** લેખ યોગ્ય ડયુટીનો અભિપ્રાય થયા બાદ જ અથવા પક્ષકારે પુરતી સ્ટેમ્પ ડયુટી ભર્યા પછી જ આવો દસ્તાવેજ સ્વીકારીને રજીસ્ટ્રેશન અધિનિયમ હેઠળની આગળની કાર્યવાહી હાથ ધરવાની રહેશે.જેની તમામ નોંધણી અમલદારોએ નોંધ લેવાની રહેશે.

(૩) **સદરહું પરિપત્ર નો અમલ** તા. ૧૫/૫/૨૦૦૭ થી કરવાનો રહેશે.

ઉપરોક્ત સૂચનાઓનું ચુસ્તપણે અમલ કરવા તથા સદર પરિપત્ર મળ્યાની પહોંચ ઉલટ ટપાલે મોકલી આપવા આથી જણાવવામાં આવે છે.

નોંધ ઉપર એસ.એસ.અને આઈ.જી.આરની સહી છે.

સહી/–
સુપ્રિ.ઓફ સ્ટેમ્પસ અને
નોંધણી સર નિરીક્ષક,
ગુજરાત રાજય, ગાંધીનગર વતી

પ્રતિ,
**નકલ સવિનય રવાનાઃ–**
સંયુક્ત સચિવશ્રી, મહેસુલ વિભાગ, હ–૧ શાખા, તરફ જાણ સારુ.

**નકલ રવાનાઃ–**

(૧) અધિક સુપ્રિ.ઓફ.સ્ટેમ્પ તરફ જાણ તથા અમલ સારું
(૨) નાયબ કલેકટર, સ્ટેમ્પ ડયુટી મુલ્યાંકન તંત્ર, ગાંધીનગર તથા અમદાવાદ વિભાગ–૧ તથા ૨ તરફ જાણ તથા અમલ સારુ.
(૩) નોંધણી નિરીક્ષકશ્રી, ગાંધીનગર, અમદાવાદ તેમજ તાબાના સબ રજીસ્ટ્રારશ્રીઓ તરફ જાણ વ અમલ સારુ.
(૪) ઈ.જ.ર. કચેરીની તમામ શાખાઓ તરફ જાણ સારુ.
(૫) સીલેકટ ફાઈલે.

રવાના કર્યું.

મદદનીશ નોંધણીસર નિરીક્ષક,
ગુજરાત રાજય, ગાંધીનગર.